# મંડલ વિષે

મંડલ. આજકાલ એ મંડાલા કે મંડલ તરીકે પણ ઓળખાય છે, પણ આ મૂળ સંસ્કૃત ભાષાનો શબ્દ છે અને સંસ્કૃતમાં એનો અર્થ થાય છે વર્તુળ. અસંખ્ય ધર્મો અને પ્રણાલીઓમાં અને ખાસ કરીને હિંદુ અને બૌદ્ધ ધર્મોમાં વર્તુળનું વિશેષ મહત્ત્વ છે. સૌપ્રથમ એ હિમાલયની આસપાસના વિસ્તારો અને ભારતમાં જોવા મળ્યા. અહીંના લોકો કલાત્મક અભિવ્યક્તિ દ્વારા બ્રહ્માંડ અને આત્મા વચ્ચે એક પ્રતીકાત્મક સંબંધ સ્થાપવાની કોશિશ કરે છે. આજકાલ ગોળાકાર મંડલ ખૂબ પ્રચલિત છે. મંડલ એટલે એક જાદુઈ વર્તુળ, એક એવી જગ્યા કે જેને સતત પરિવર્તન પામતા જગતથી અને અશુદ્ધ સંસારથી આરક્ષિત કરવા અલગ પાડવામાં આવી છે. આ વર્તુળ અખંડતા, સંપૂર્ણતા, અનંતતા, શાશ્વતતા અને એકતા નિરૂપે છે. એ ઊર્જાનું દૃષ્ટિગત સ્વરૂપ છે. આ પવિત્ર વર્તુળ એક આધ્યાત્મિક સાધન છે, જે સુષુપ્ત મગજમાં રહેલા વિચારોને યોગ્ય રસ્તે દોરે છે, ધ્યાનમાં મદદ કરે છે અને આ વિશ્વથી પેલે પારની દુનિયામાં પ્રવેશવા સજ્જ કરે છે.

હિંદુ ગ્રંથો અનુસાર મંડલ એટલે સર્જનની અભિવ્યક્તિ. એક એવો સમર્પિત વિસ્તાર કે જે ઈશ્વરને સન્માન સાથે આવકારે છે, આસન આપે છે અને બ્રહ્માંડનાં બળો આ વર્તુળમાં એકઠાં કરે છે. આજે એ ધ્યાન કરવા માટે, માનસિક તાણ ઘટાડવા અને હળવાશ અનુભવવા અને વિશ્વ સાથે જોડાવાનું પ્રતીક મનાય છે. એ વ્યક્તિનું ધ્યાન કેન્દ્રિત કરવામાં મદદ કરે છે, વિચારોના દોડતાં તોફાનને નાથે છે, કુદરતની પ્રશંસા કરે છે અને પોતાની જાત તરફ અંતર્મુખ બનાવે છે.

જૈન ધર્મ કહે છે કે દરેક વ્યક્તિમાં દિવ્યતા હાજર હોય છે. બૌદ્ધ ધર્મ કહે છે દરેક વ્યક્તિ બુદ્ધ છે, જ્ઞાની છે, માત્ર આ જન્મજાત શક્તિને સચેત કરવાની જરૂર હોય છે.

મંડલના પાંચ મૂળભૂત ઘટકો છે : સમાનતા, ભૌમિતિક આકારો, રંગો, સંખ્યા અને હેતુ. એના વિવિધ સ્તરોમાં ખાસ અર્થ સાથે વિવિધ પ્રતીકો અને ભૌમિતિક આકારો દોરાય છે. આ ઘટકો સમજીને અને સતત સભાનપણે તેમને એકબીજા સાથે સંયોજીને મંડલ તૈયાર કરાય છે. એ જે જગ્યાએ લટકાવ્યાં હોય તે સિવાય એ દર્શકના જીવનમાં પણ શક્તિનો સ્રોત લાવે છે.

મંડલની મૂળ આકૃતિમાં એકની અંદર એક વલયો હોય છે. વલયોની સંખ્યા સામાન્ય રીતે દસ હોય છે અને સૌથી મધ્યમાં એક બિંદુ હોય છે, જે ધ્યાન કેન્દ્રિત કરવામાં મદદ કરે છે. ક્યારેક વલયોની વચ્ચે ચોરસ હોય છે. મધ્ય વર્તુળના કેન્દ્રની ફરતે દસેક વલયો હોય છે. વચ્ચેના, સૌથી અંદરના વર્તુળમાં બુદ્ધની પ્રતિમા, ફૂલો, મંત્ર – ખાસ કરીને ઓમકાર કે બૌદ્ધ ધર્મનું કોઈ પ્રતીક દોરવામાં આવે છે. મંડલમાં હંમેશાં મધ્ય અક્ષની બંને બાજુ સમાનતા અને કેન્દ્રબિંદુની આસપાસ પણ સમાનતા જળવાય છે. આ સ્વર્ગ અને બ્રહ્માંડનું પ્રતીક છે.

કેટલાંક મંડલ બહારની તરફ વલયો સાથે અંદર તરફ જતાં ચોરસ આકૃતિ ધરાવે છે. આ ચોરસ મંડલ મહેલનું પ્રતીક છે, જ્યાં અન્ય દેવતા અને બુદ્ધની મૂર્તિઓ સ્થાપિત છે. એનો અર્થ છે ભગવાનનો આદર અને એમને બિરાજવા માટે આહ્વાન.

ચોરસની દરેક બાજુ એક દરવાજો હોય છે, જે અંગ્રેજીના ટી આકારનો છે. આ દરવાજો દયા, કરુણા, સહાનુભૂતિ અને ધીરજના પ્રતીક રૂપ નિર્બંધ વિચારો છે. ચોરસ અને વર્તુળો દ્વારા રચાતા મંડલમાં પાયાના આકારો નિર્દેશિત થાય છે. આ સ્તરોની સંખ્યામાં ફેરફાર હોઈ શકે.

મંડલનું એક પાયાનું માળખું છે, જે સ્થપતિની જેમ એક નિશ્ચિત નકશો હોય છે. ગ્રંથોમાં જણાવ્યા અનુસાર એમાં વલયોમાં બ્રહ્માંડ, કુદરત, ચોરસમાં મહેલ અને મધ્યમાં બિંદુ હોય છે. મધ્ય વર્તુળમાં એક બિંદુ હોય છે, જેની ફરતે બહાર અને અંદર વલયો હોય છે. આ વલયોની વચ્ચે ચાર આરા છે, જે ચાર પાંદડીના રૂપમાં હોય છે. આ વલયો અને ચોરસની સંખ્યામાં વધઘટ માન્ય છે.

મધ્યમાં આવેલા વર્તુળની રચનામાં મધ્યબિંદુ, ત્યાર બાદ અંદરનું વલય (inner rim) અને બહારનું વલય (outer rim) હોય છે. આ બે વલયોની વચ્ચે, ચાર વિસ્તારો પુષ્પ-પત્રના આકારમાં હોય છે. આ બહારના વલયને સ્પર્શે તેમ એક ચોરસ હોય છે, જેની ચારે બાજુ નાનકડા છજ્જા (bay, buttress) જેવો હિસ્સો હોય છે.

આ અંદરના ચોરસની બહાર બેથી-ત્રણ ચોરસ દોરાય છે, જેની સૌથી બહારની પટ્ટી મજબૂત દીવાલ (eaves, parapet) છે. આ ચોરસ બાદ બહારના વલયો શરૂ થાય છે, જેમાં કમળનાં ફૂલો, એ પછીના વલયમાં સ્મશાન (premier ring of charnel bones), વજ્રની દીવાલ અને સૌથી બહારનું વલય અગ્નિ, પાણી, ભૂ-પર્વતો, આકાશ, વાદળાં, હવા વગેરે તત્ત્વો દર્શાવે છે. અગ્નિ બુદ્ધિ અને વિવેકનું અને ફૂલો જીવંતતાનું પ્રતીક છે. બહુ ઓછા લોકોને સ્મશાનચક્રની જાણ હશે, પણ બુદ્ધ મંડલમાં એ ખાસ સ્થાન ધરાવે છે. હંમેશાં કાળા રંગનાં પદાર્થો, હાડકાં, વગેરે એમાં રજૂ થાય છે. સ્મશાનચક્ર જીવન નશ્વર હોવાની પ્રતીતિ કરાવે છે.

આ કિલ્લા જેવી રચના, વિવિધ વલયો, સૌપ્રથમ શરીર, ત્યાર બાદ વાણી અને આખરે મનને કેન્દ્ર ભણી લઈ જાય છે.

બૌદ્ધ ધર્મમાં વિવિધ હેતુઓ માટે જુદાંજુદાં મંડલ ચીતરવામાં આવે છે. આમાં કાલચક્ર મંડલ, મંત્ર મંડલ, ચિકિત્સક મંડલ, ઉપચાર મંડલ, પુષ્પ મંડલ, રેત મંડલ, બાહ્ય મંડલ વગેરે છે.

### ૧. કાલચક્ર મંડલ

પ્રણાલીગત રીતે કાલચક્ર મંડલ ખૂબ ખાનગી રાખવામાં આવે છે. તિબેટન બૌદ્ધ ધર્મમાં ધર્મપ્રવેશ કે ભિક્ષુઓની દીક્ષાપ્રસંગે કરાતાં વિધિ-વિધાનો બાદ ૧૨ દિવસ પછી એ લોકદર્શન માટે ખુલ્લાં મુકાય છે. આ વ્યવસ્થાને કારણે લોકોમાં ઘણી ખોટી માન્યતાઓ પ્રસરી હતી, જેને લઈને દલાઈ લામાએ સાંસ્કૃતિક અર્પણ તરીકે આ રેત મંડલ આમજનતાને સમર્પિત કર્યું છે. આ મંડલ ખૂબ પ્રોત્સાહજનક અને પ્રેરણાદાયક હોય છે. એ દર્શાવે છે કે જીવનમાં એક બિંદુમાંથી ઉદ્ભવેલી દરેક ચીજ એકબીજા સાથે જોડાયેલી છે. વર્તુળ પોતે જ મનુષ્યને સંપૂર્ણ રૂપે પ્રદર્શિત કરે છે અને એનું માનસ છતું કરી એનામાં રહેલી દિવ્યતા દર્શાવી ધ્યાન કેન્દ્રિત કરવામાં મદદરૂપ બને છે.

## ૨. સ્વાસ્થ્ય પૂર્તિ મંડલ

સ્વાસ્થ્ય પૂર્તિ મંડલ મનમાં શાંતિ ઊપજાવે છે અને એક બિંદુ પર ધ્યાન કેન્દ્રિત કરે છે.

## ૩. પુષ્પ મંડલ

ફૂલોની ડિઝાઇનવાળા મંડલ સ્વાસ્થ્ય જાળવવામાં અને સજગ જીવનશૈલી અપનાવવામાં મદદ કરે છે. ભૌમિતિક આકારનાં મંડલ કુદરતની રચના અને મનુષ્યના શરીરના બાહ્ય અને આંતરિક સ્વરૂપને સમજવા માટે એક પ્રતીક છે. આથી જ આ જટિલ ડિઝાઇનો વિચારશીલ વ્યક્તિને સ્વ, કુદરત અને આત્મા સાથે એક દઢ અને ઊંડું જોડાણ સ્થાપવામાં મદદ કરે છે.

## ૪. રેત મંડલ

બૌદ્ધ ભિક્ષુઓ રેત મંડલ બનાવે છે, જે નશ્વર માનવજીવનનું પ્રતીક છે. મંડલ બનાવતી વખતે તેઓ મંત્રોચ્ચાર કરે છે અને પવિત્ર આકારોમાં સકારાત્મક કંપનો પેદા કરે છે. આ ઊર્જામાં ચિકિત્સક શક્તિ છે, જે સમગ્ર જગતમાં ફેલાય છે. લોકો એની સાથે જાહેર કરાયેલા સમય સુધી એકાકાર થાય કે દર્શન કરે છે. ભિક્ષુઓ આ ચોક્કસ સમય બાદ આશીર્વાદ, પ્રાર્થના અને શુદ્ધીકરણ સાથે સમાપન વિધિ કરે છે આ મંડલનું વહેતા પાણીમાં વિસર્જન કરાય છે. આનો અર્થ એટલો જ છે કે આ દુનિયામાં કશું ચિરંજીવ નથી, દરેક વસ્તુ અને પળ સતત પરિવર્તન પામે છે.

## ૫. શૈક્ષણિક મંડલ

બૌદ્ધ ભિક્ષુઓ તેમના મઠવાસીય જીવન દરમિયાન ડિઝાઇન અને રચનાના સિદ્ધાંતો પર આધારિત મંડલ દોરવાનું શિક્ષણ મેળવે છે. એ રંગબેરંગી માનસિક નકશા હોય છે, જે હિમાલય વિસ્તારની સંસ્કૃતિનો હિસ્સો છે.

## ૬. મંત્ર મંડલ

મંત્ર મંડલમાં કેન્દ્રમાં બૌદ્ધદેવતા કે બૌદ્ધપ્રતીક દોરાય છે. તેની આસપાસ મંત્ર અથવા કોઈ વાક્ય લખવામાં આવે છે. એ ક્યારેક શબ્દ હોય છે અથવા વાક્યાંશ હોય છે, જે મોટેથી વારંવાર બોલાય છે અથવા ધ્યાન અવસ્થાની જેમ મનમાં રટણ થાય છે. મંત્ર મંડલ એક સિક્કાની બે બાજુ સમાન છે. મંત્રો પવિત્ર સૂત્રો હોય છે અને મંડલ પવિત્ર જગ્યા હોય છે.

## ૭. ચિકિત્સક મંડલ

ચિકિત્સક બુદ્ધ મંડલ હાથવણાટના સુતરાઉ કાપડ પર હાથે જ દોરવામાં આવે છે. એમાં વાનસ્પતિક રંગો વપરાય છે અને ખૂબ સુંદર આકૃતિઓ દોરાય છે. મંડલની મધ્યમાં વૈદ બુદ્ધ હોય છે. આ સિવાય, તબીબી વિદ્યાના, તિબેટની ભાષામાં લખાયેલા ચાર પુસ્તકો પણ દોરાય છે અને તેની ચોપાસ 'ઓમ્ મણિ પદ્મે હુમ્' મંત્ર બાર વખત લખવામાં આવે છે. એનાં વલયોમાં, અંદરથી બહાર, ક્રમશઃ આઠ તબીબી ગુરુઓ, સાત ગુરુ અને આઠમા શાક્યમુનિ, સોળ મુખ્ય બોધિસત્ત્વ અને બહારના વલયમાં દસ દ્વારપાળો અને બાર યક્ષો દોરવામાં આવે છે. એને જોતાં જ એ આશીર્વાદ આપે છે અને ચિકિત્સા કરે છે.

બૌદ્ધ ધર્મમાં જુદાજુદા પંથ શરૂ થયા એ મુજબ એમના વિશેષ મંડલ બનવા લાગ્યાં.

## વજ્રયાન પંથ

વજ્રયાન અનુસરતા બૌદ્ધો રેત મંડલ બનાવે છે. તંત્ર સાધનાનો એ મુખ્ય હિસ્સો છે.

## થેરવાડા બૌદ્ધ પંથ

થેરવાડા એ પાલી ભાષાનો શબ્દ છે. થેરનો અર્થ છે વડીલો અને વાડાનો અર્થ છે શબ્દો કે ઉપદેશ. પાલીમાં લખાયેલા ગ્રંથો બુદ્ધનો ઉપદેશ દેનાર સૌથી પ્રાચીન ગ્રંથ મનાતા હોઈ, આ પંથના લોકો એને અનુસરે છે. એ મુજબ, બુદ્ધના આઠ શિષ્યો, ભૂતકાળના પ્રમુખ નવ બુદ્ધ અને ગૌતમ શાક્યમુનિ, દસ દિશાઓ અને બ્રહ્માંડના આઠ ખૂણાને રક્ષતી આઠ દેવીઓ રજૂ કરાય છે.

## શિન્ગોન બૌદ્ધ પંથ

જપાનમાં બૌદ્ધ ધર્મનો મોટો હિસ્સો વજ્રયાન પંથ છે, જે શિન્ગોન પંથ તરીકે ઓળખાય છે. શિન્ગોન પંથીઓ માને છે કે શુદ્ધ સત્ય શબ્દોમાં નહીં, પણ માત્ર મંડલની કલા દ્વારા જ વ્યક્ત થઈ શકે. શિન્ગોનમાં વિધિ-વિધાનમાં મંડલનો અને અગ્નિનો ખાસ ઉપયોગ થાય છે. મંડલના બે પ્રકાર ખૂબ મહત્ત્વના છે, એક 'ગર્ભધાતુ' મંડલ, જે અસ્તિત્વના આરંભને દર્શાવે છે અને 'વજ્રધાતુ' મંડલ, જે ધર્મનો નિચોડ જણાવે છે.

## શિન્તો બૌદ્ધ પંથ

શિન્તોમાં મંડલ સ્વર્ગ, 'કામી' એટલે કે દેવો, આત્મા, અગમ્ય બળો અને પૂજાસ્થળનો અર્ક દર્શાવે છે.

## નિચિરેન બૌદ્ધ પંથ

નિચિરેન પંથમાં મંડલનું નામ અને સ્વરૂપ બદલાયાં છે. મંડલને 'મોજી મંડલ' અથવા ગોહોનઝોન કહે છે. એ વર્તુળ નથી પણ લંબચોરસ છે. કાગળ કે રેશમ પર અથવા લાકડાના ટુકડા પર એ દોરાય છે અને લટકાવવામાં આવે છે. એમાં ચીની ભાષાના શબ્દો (કૅરેક્ટર) અને મધ્યયુગીન સંસ્કૃત લિપિ છે, જે બુદ્ધના કેવળજ્ઞાનને નિર્દેશિત કરે છે.

## હિંદુ ધર્મ

હિંદુ ધર્મમાં મૂળ મંડલને યંત્ર કહેવામાં આવે છે. એ સામાન્ય રીતે ચોરસ હોય છે, જેને ચાર દરવાજા હોય છે. એ મંડલ કરતાં નાનાં હોય છે. એમાં બેથી ત્રણ દિશાઓ સાથે ભૌમિતિક આકારોવાળાં યંત્રો પણ હોય છે, જે સાધના, પૂજા અને આધ્યાત્મિક અભ્યાસમાં વપરાય છે.

## જૈન ધર્મ

જૈન ધર્મમાં લોકપ્રિય મંડલ શ્રી સિદ્ધચક્ર પૂજન છે, એને યંત્ર પણ કહે છે. એ પૂજાપાઠ માટે વપરાય છે. એ એક જટિલ પ્રક્રિયા છે, જેમાં જમીન પર વિવિધ રંગોના અનાજથી આખું સિદ્ધચક્ર દોરવામાં આવે છે. પૂજા મંત્રોચ્ચારથી શરૂ થાય છે, એની સાથે જ કેન્દ્રમાંથી બહાર તરફ આ ગોઠવણી થાય છે. મધ્યમાં પૂર્ણ ખીલેલું કમળ હોય છે અને નવપદ અર્થાત્ નવ

તત્ત્વોની પૂજા થાય છે. શ્વેતાંબર પંથમાં એ નવપદ તરીકે અને દિગંબર પંથમાં એ નવદેવતા તરીકે ઓળખાય છે.

મંડલની વિગતોને ઇતિહાસ પણ ટેકો આપે છે. ચીનના દુન્હોંગ શહેર પાસે મળેલી મોગાઓ ગુફાઓમાં ભીંતચિત્રોમાં મંડલ મળ્યાં છે. દુન્હોંગ શહેર ખૂબ લોકપ્રિય હતું, કારણ કે બીજી સદીથી ૧૫મી સદી સુધી વિશ્વમાં યુરેશિયન વેપારમાર્ગ – 'સિલ્ક રૂટ' ઉપર પૂર્વના દેશોમાંથી પશ્ચિમ તરફ વેપાર અર્થે જતા, ટકલામકાન રણ પસાર કરતાં પહેલાં આ ધમધમતું શહેર આવતું હતું. આજે જોકે એની જાહોજલાલી ઓછી છે, પ્રથમ સદીમાં બૌદ્ધ ભિક્ષુઓ ધર્મના પ્રચાર અર્થે અહીં પહોંચ્યા હતા અને આ શહેરના વિકાસમાં ફાળો આપ્યો હતો. તેઓએ ગુફાચિત્રો બનાવ્યાં હતાં. જોકે આરંભમાં તેઓ આ ગુફાઓનો ધ્યાન માટે ઉપયોગ કરતા હતા. ભિક્ષુઓએ કોરેલી આ ગુફાઓ પૂજાસ્થાન અને યાત્રાધામમાં ફેરવાઈ હતી, જે મોગાઓ ગુફાઓ કે 'હજાર બુદ્ધોની ગુફાઓ' તરીકે પ્રચલિત થઈ હતી. માયા સંસ્કૃતિ કે જે લગભગ ઈ. પૂ. ૨૫૦માં વિકસવા લાગી હતી, ત્યાં કૅલેન્ડર જોવા મળ્યાં છે, જે કાલચક્ર કે રેતચક્ર સમાન છે. મેક્સિકોમાં વિકસેલી આઝટેક સંસ્કૃતિ જણાવે છે કે ધાર્મિક વર્ગ એક સૂર્ય-પથ્થરનો ધાર્મિક વિધિ-વિધાનોમાં ઉપયોગ કરતો હતો, જે સમગ્ર બ્રહ્માંડ દર્શાવે છે. એ પણ મંડલ જેવા જ છે. ઇન્ડોનેશિયાના જાવા ટાપુ પર બંધાયેલું વિશ્વનું સૌથી વિશાળ બૌદ્ધ સંકુલ મંડલ પર આધારિત છે. એ આશરે ૮૦૦-૮૨૫ CEમાં બંધાયું હતું. ઑસ્ટ્રેલિયાના મૂળ નિવાસી પણ મંડલનો ઉપયોગ કરતાં હતાં.

### મંડલના આધુનિક ઉપયોગો

યોગાભ્યાસમાં મંડલ પવિત્ર જગ્યા ઊભી કરવા અને સકારાત્મક ઊર્જા એકઠી કરવા વપરાય છે. ધ્યાન-અવસ્થામાં મન કેન્દ્રિત કરવામાં પણ એ સહાયભૂત બને છે. અમેરિકન મૂળ નિવાસીઓ સારવાર માટે વર્તુળો ઊભાં કરે છે. એ મગજ, શરીર અને હૃદયને પુનઃ સ્થાપિત કરે છે. પશ્ચિમના દેશોમાં દુઃસ્વપ્નો ટાળવા અને ચેનથી સૂવા માટે 'ડ્રીમ કેચર' તરીકે મંડલ ઉપયોગમાં લેવાય છે. જીવનમાં તાણ ઓછી કરવા, ઉન્માદ ઘટાડવા અને હળવાશ લાવવા મંડલમાં રંગ ભરવાનાં અનેક પુસ્તકો મળે છે. ધ્યાન શીખવતા આચાર્યો ધ્યાન કેન્દ્રિત કરવા મંડલ દોરવાનું સૂચન કરે છે.

# શસ્ત્ર રૂપમાં આઠ આરાવાળા પૈડાનું કાલચક્ર મંડલ

## જપાનીઝ પ્રણાલી

'કાલચક્ર' શબ્દ આશ્રયદાતા દેવ અથવા વજ્રયાનમાં 'યીદમ'ને અને અતિ જટિલ ફિલસૂફી તેમ જ કાલચક્રપ્રણાલી સાથે સંકળાયેલી યોગપદ્ધતિને આવરી લે છે. કાલચક્રપદ્ધતિ વ્યાપક વિષયોને આવરી લે છે, જેમાં બ્રહ્માંડની ઉત્પત્તિ અને સ્થિતિ વિજ્ઞાન, આત્મોદ્ધાર સિદ્ધાંતનું પ્રતિપાદન, ફિલસૂફી, સમાજશાસ્ત્ર, પૌરાણિક શાસ્ત્રીય અભ્યાસ, ભવિષ્યકથન, તબીબી વિજ્ઞાન અને યોગવિદ્યાનો સમાવેશ થાય છે. એ એક પૌરાણિક સચ્ચાઈ રજૂ કરે છે, જેમાં બ્રહ્માંડ અને સામાજિક-ઐતિહાસિક ઘટનાઓ વ્યક્તિના શરીર અને મગજની આંતરિક પ્રક્રિયાઓ સાથે સુમેળ સાધે છે. વિવિધ યોગપ્રક્રિયાઓ દ્વારા આ ઉપદેશો એના શ્રાવકને સંપૂર્ણ બુદ્ધત્વ પ્રાપ્ત કરવા તરફ પરિવર્તિત કરે છે.

છઠ્ઠી-સાતમી સદીના સમય ગાળામાં મંડલની એક ત્રિરૂપ અભિરચના ઊપસી આવી – કમળ, ચક્ર અને નવ વર્તુળોનું માળખું. સૌપ્રથમ એ ભારતમાં વિકસ્યું અને મંડલકલાના વિકાસમાં એ નોંધપાત્ર તબક્કો બન્યો. જોકે તિબેટમાં એ પછીના સમય ગાળામાં એનો પ્રચંડ વિકાસ થયો અને ત્યાંથી એ કલા જપાન પહોંચી. મંડલકલાના ક્રમિક વિકાસનો એ નોંધપાત્ર તબક્કો રહ્યો.

મંડલમાં મોટે ભાગે બોધિસત્ત્વ, દ્વારપાળો, રક્ષકો અને ચાકરોની હાજરી હોય છે. ધ્યાન ધરવામાં અને આધ્યાત્મિક ચિંતનમાં આ પવિત્ર પ્રતિકૃતિઓ ખૂબ ઊંડું મહત્ત્વ ધરાવે છે.

આ તમામ રચનાઓમાં ધર્મચક્ર (ધમ્મચક્ર) મંડલ માટે એક મૂળભૂત રૂપાંકન રહ્યું છે. બુદ્ધના ઉપદેશોનું એ એક ગૂઢ પ્રતીક રહ્યું છે. આ મંડલના મધ્યમાં પ્રાથમિક આરાધ્યદેવની સ્થાપના હોય છે, જ્યારે તેની આસપાસ ધર્મચક્રના આરા ફેલાયેલા છે, જેના પર બોધિસત્ત્વ, અનુયાયી, પરિચારકો, સહવર્તી કે અંગરક્ષકોને સ્થાન અપાય છે. સામાન્ય રીતે ધર્મચક્રના ચાર, છ, આઠ અને બાર આરા દોરવામાં આવે છે. અહીં આઠ આરા રજૂ થયા છે, જેની નોંધપાત્ર રચનાનો આવિર્ભાવ 'પ્રજ્ઞાપારમિતાનયસૂત્ર'માં જોવા મળે છે.

જપાનના સાંસ્કૃતિક સંદર્ભમાં જોઈએ તો આ પ્રણાલી અનુસાર કરાતી ગોઠવણીમાં એક રસપ્રદ વળાંક જોવા મળે છે. બોધિસત્ત્વ, અનુયાયી, પરિચારકો, સહવર્તી કે અંગરક્ષકોનું સ્થાન આ ચક્રના આરાઓની વચ્ચે છે.

ચક્ર એક શસ્ત્રનું પ્રતીક છે. મધ્યમાં કમળ મુખ્ય દેવની બેઠક છે. એની આસપાસ ચાર બાજુ શંખ દોરેલા છે. મંડલના સૌથી બહારનાં ત્રણ વર્તુળો પૈકી વચલા વર્તુળમાં 'વજ્ર ખડકો' દર્શાવ્યા છે, જે ક્રોધી કે કોપાયમાન દેવોની બેઠક કહેવાય છે. સૌથી બહારના વર્તુળમાં કમળની બત્રીસ અને અંદરના વર્તુળમાં સોળ પાંદડીઓ છે, જે કલાત્મક રીતે ગોઠવાઈ છે. આરાની બહારના વર્તુળોમાં મેરુ પર્વત, કુંડલિની અને સૂર્ય રજૂ થયાં છે.



મંડલ

# શસ્ત્ર રૂપમાં આઠ આરાવાળા પૈડાનું કાલચક્ર મંડલ

## તિબેટન પ્રણાલી

શસ્ત્રના પ્રતીક રૂપ ચક્રાકાર મંડલનો અભિગમ મૂળ ભારતમાં વિકસ્યો હતો. તિબેટની સંસ્કૃતિના સંદર્ભમાં ધર્મચક્ર શસ્ત્રનું રૂપ ધારણ કરે છે, જેમાં એક આગવું રૂપાંતરણ નજરે પડે છે. આમાં બોધિસત્ત્વ, અનુયાયી, પરિચારકો, સહવર્તી કે અંગરક્ષકોનું સ્થાન આરાની ટોચ ઉપર જ હોય છે, બે આરાની વચ્ચે નહીં.


તિબેટની પ્રણાલી અનુસાર, ચક્રાકાર મંડલ તામસી કે ક્રોધાયમાન દેવોની આસપાસ ઘૂમરાયા કરે છે. આ પ્રકારના મંડલનું સર્જન કરતાં પહેલાં જ એ વ્યક્તિનું રક્ષણ કરે છે અને ધ્યાનસાધ્ય બનાવે છે. આવા તામસી દેવો રજૂ કરતા મંડલ ‘આદેશચક્ર’ તરીકે ઓળખાય છે, જેને ‘આજ્ઞાચક્ર’ પણ કહે છે.

એવી માન્યતા છે કે આવા કોપાયમાન દેવો બૌદ્ધ ધર્મના વિરોધીઓને તથાગતના ઉપદેશોને શરણાગત થવા અને આધ્યાત્મિક બળોને તાબે થવા ફરજ પાડે છે.

તિબેટના સંદર્ભમાં આરાવાળા મંડલમાં ખૂબ કુશળતાપૂર્વક અને ડિઝાઇનના અંતરંગ ભાગ રૂપે આરાની ટોચ પર વ્યૂહાત્મક રીતે આ ક્રોધી દેવોને સ્થાન અપાયું છે.

મંડલની મધ્યમાં કમળ એ મુખ્ય દેવનું દૈવી આસન છે. મંડલની મૂળભૂત અભિરચનામાં કમળનો સમાવેશ કરવાનો ઉલ્લેખ ‘વજ્રપન્યાભિષેકતંત્ર’માં જોવા મળે છે. કમળની પાંખડીઓમાં ત્રણ શંખ છે. તે હવાનાં મોજાં, ભૂમિ અને જલબિંદુઓથી ઘેરાયેલાં છે.

મધ્ય વર્તુળની આસપાસ માછલીઓ છે, જે કમળની પાંખડીઓ અને કીમતી રત્નોથી આવરિત છે.



મંડલ

# કાલચક્રતંત્ર – મહાસંવર મંડલ

## પ્રતીકો અને માળખું

આ મંડલ અનેક રીતે અનોખું છે. પ્રણાલી અનુસાર દોરાતાં મંડલથી અલગ, એની બધી જ ગ્રિડ વર્તુળાકાર છે, એનો હાર્દ રૂપ મધ્ય ભાગ પણ ચોરસ ના હોઈ વર્તુળ છે અને એમાં ચાર દિશાના ચાર દરવાજાને બદલે આઠ દરવાજા છે, જે પરિઘ પર છે.

કાલચક્રતંત્ર – મહાસંવર મંડલ ખૂબ ઊર્ધ્વ આધ્યાત્મિક મહત્ત્વ દર્શાવે છે. માળખાકીય દૃષ્ટિએ એ સંવર મંડલ સાથે સરખાવી શકાય, પણ આ વિલક્ષણ મંડલ પ્રણાલી અનુસાર દોરાતાં મંડલથી જુદું તરી આવે છે.

પ્રણાલીગત મંડલ કે જેમાં હાર્દ રૂપ ચોરસ ગર્ભગૃહ અને ચાર દિશાઓ હોય છે, ત્યાં આ મંડલ સમગ્રપણે વર્તુળાકાર છે. એના પરિઘ પર ખૂબ કાળજીપૂર્વક આઠ દરવાજા છે. એની મધ્યમાં મહાસુખચક્ર છે, એનું કમળ અદકેરી છટા અને રંગ સાથે, ૧૬ પાંખડીવાળું અસીમિત પરમ આનંદનું ચક્ર છે.

આ દૈદીપ્યમાન વિસ્તારમાં મધ્યે સર્વોચ્ચ દેવ કાલચક્ર બિરાજે છે. એમની આસપાસ, વીંટળાઈને એમની જીવનસંગી વિશ્વમાતા ખીલેલા કમળની જેમ પથરાયેલી છે. આ ઉપરાંત, આ આધ્યાત્મિક સજીવ ચિત્રણમાં અન્ય ૫૬ દેવ (પ્રતીકાત્મક વર્તુળમાં સંખ્યા સાથે ચિત્રિત) પોતપોતાની અર્ધાંગનાઓ સાથે વિરાજમાન છે.


કમળપર્ણોની આસપાસ આઠ દેવીઓ છે, જે આ પવિત્ર સ્થળની ક્ષેત્રપાળ છે. આ સ્થળેથી બહારની તરફ શ્રેણીબદ્ધ વર્તુળાકાર ગ્રિડમાં બાકી રહેલાં દેવી-દેવતાઓ આ સ્વર્ગીય, દિવ્ય વ્યવસ્થામાં ગોઠવાયાં છે.

મધ્ય વર્તુળને છ વર્તુળો આવરી લે છે, જે ગર્ભગૃહથી શરૂ થઈ પરિઘ સુધી ફેલાય છે. આ વર્તુળો છ તત્ત્વો રજૂ કરે છે : શાણપણ (જ્ઞાનધાતુચક્ર), પૃથ્વીતત્ત્વ (પૃથ્વીધાતુચક્ર), જળતત્ત્વ (તોયાધાતુચક્ર), અગ્નિતત્ત્વ (તેજોધાતુચક્ર), વાયુતત્ત્વ (વાયુધાતુચક્ર) અને અવકાશતત્ત્વ (આકાશધાતુચક્ર).

કાલચક્રતંત્ર મંડલ વિશિષ્ટતાપૂર્વક મહાભૂત તત્ત્વોના અસ્તિત્ત્વને નિરૂપે છે, જ્યાં બુદ્ધિ-ભૂમિ-જળ-અગ્નિ-પવન-અવકાશ જેવાં મૂળભૂત તત્ત્વોને પ્રતિનિધિ રૂપે દર્શાવ્યાં છે. પ્રત્યેક વર્તુળ દેવોના પોતાના આધ્યાત્મિક સિદ્ધિના ઉત્તરાધિકારને અનુલક્ષીને, તેઓનાં જીવનસંગી સાથે સ્થાન પામે છે. એક કોષ્ટકમાં (પૃષ્ઠ ૧૬૬) આ સ્વર્ગીય અસ્તિત્વના નામ અને તેમના કાર્યફલકની વિગતો આપી છે. આઠ દરવાજાથી માંડી અંદર જતાં સુધીનાં વર્તુળોમાં અનુક્રમે વાદળ, પીંછાના વેશમાં વાયુનું હલનચલન, અગ્નિ અને જળના પ્રવાહો દર્શાવ્યા છે. એ પછીનું વર્તુળ અવકાશ છે.

ટૂંકમાં કાલચક્રતંત્ર – મહાસંવર મંડલ પ્રતીકો અને અભિરચનાનું સંયોજન છે, જે વ્યક્તિને આધ્યાત્મિક શાણપણ અને વિશ્વચેતના અંગે માર્ગદર્શન આપે છે.

*સૌજન્ય : 'ઍન ઇલસ્ટ્રેટેડ હિસ્ટ્રી ઑફ ધ મંડલ : ફ્રૉમ ઇટ્સ જેનેસિસ ટુ ધ કાલચક્રતંત્ર, લેખક : કિમિયાકી તનાકા, વિઝ્ડમ પબ્લિકેશન્સ, સોમરવિલ, મેસેચ્યુસેટ્સ, યુએસએ, ૨૦૧૮.*


53
56
45
54
37
48
46
29
40
38
21
32
30
24
22
13
16
14
5
7
9
51
43
35
27
19
11
3
4
12
20
28
36
44
52
6
8
2
17
15
10
25
23
18
33
31
41
39
26
49
47
34
57
55
42
50

મંડલ

## સમયચક્ર, ભીંતચિત્ર, લ્હાસા (ટેમ્પલ મંડલ)

### ભાઈચારા અને પરિવર્તનનું પ્રવેશદ્વાર

લ્હાસાના પોટાલા મહેલના શ્રદ્ધામય વિશાળ કક્ષમાં સમયચક્રના મંદિર મંડલને દર્શાવતું એક અતિ મનોહર ભીંતચિત્ર નજરે પડે છે. આ અતિ બારીક ચિત્રાંકન સમગ્ર પૃથ્વી અને સમસ્ત જીવ-જગત પર શાંતિ વરસાવે છે.

આને કાલચક્ર મંડલ પણ કહે છે. વજ્રયાનના તાંત્રિક આશ્રયદાતાનું હાર્દ એમાં ગુંજે છે, જે કાલચક્ર પ્રણાલીના તમામ ઉપદેશો અભિવ્યક્ત કરે છે. ભારતમાં ઉદ્ભવેલી અને હાલના તિબેટમાં વ્યાપકપણે વિસ્તરેલી આ પ્રણાલી આધ્યાત્મિક ઉત્ક્રાંતિની એક સફરની સાક્ષી છે.

મંડલના મધ્યમાં આ ચિત્રાંકન ત્રણ માનસિક ઝેર દર્શાવે છે, જે ક્લેશ પણ કહેવાય છે, એ છે – બંધન, તિરસ્કાર અને અજ્ઞાન – જે જીવનના અસ્તિત્વ દરમિયાન અથવા સંસારમાં દેખાય છે. આ ક્લેશ બેડીઓ છે, જે જીવાત્માને અનંત પીડાનાં વમળોમાં જકડે છે.

એની બહારના વર્તુળમાં પરાવલંબી રહેવાના પ્રતીક રૂપે બાર જોડાણો કે કાળાં ટપકાં દેખાય છે. આ જોડાણો અસ્તિત્વની કુદરતી ચક્રીય ઘટમાળ ખૂબ નાજુક રીતે દર્શાવે છે, જ્યાં ચેતના સંસાર સાથે જોડાય છે અને આખરે જન્મ, વૃદ્ધત્વ અને નશ્વરતામાં પરિણમે છે.

એની સપાટી પરથી નજર હટાવી એના સ્તરોને એક પછી એક ખોલવામાં આવે તો તત્ત્વીય અર્ક પાણી (તોયાધાતુ), જમીન (પૃથ્વીધાતુ) અને અવકાશ (આકાશધાતુ) જણાય છે. આ શુદ્ધ સ્વરૂપમાં વિશ્વ છે, જ્યાં બ્રહ્માંડ એના નર્યા સ્વરૂપે દેખાય છે અને જીવનચક્રની યાત્રા પૂરી કરતાં પરિવર્તનની એક લહેર આવે છે, જે દુઃખો અને પીડાને અનંત આનંદમાં પરિવર્તિત કરે છે.

ધ્યાન સાધનાના સાધન તરીકે મંડલ અભ્યાસુમાં સંપૂર્ણ આંતરિક રૂપાંતરણ કરાવે છે અને આત્માનૂભુતિ કરાવે છે. અસ્તિત્વના એક આદર્શ રૂપ સાથે એ ગૂઢ જોડાણ કરાવે છે.



મંડલ